ક્રમાંક: બમશ/૧૧-૨૦૧૧/૬૭૯૭૯૮/ગ.
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ:૨૧-૩-૨૦૧૨

પ્રતિ,
કમિશ્નરશ્રી,
શાળાઓની કચેરી,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજય, ગાંધીનગર.

વિષય:- બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત કરાવવા અંગે.

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વેના આપની કચેરીના તા.૨૧-૯-૧૧ના પત્રાંક-અનદ-૧-ઘ-ભરતી સેલ-૨૦૧૧-૧૨-૧૭૩૪૧-૪૩ અન્વયે ધ્યાન દોરતાં જણાવવાનુ કે, નીચે મુજબ રોસ્ટર રજીસ્ટરો તૈયાર કરી પ્રમાણિત કરાવવાના રહેશે.

(૧) આચાર્યની જગ્યા એકાંકી હોવાથી આ જગ્યાનુ રોસ્ટર રજીસ્ટર અલગ નિભાવવુ

(૨) શિક્ષણ સહાયક પાંચ વર્ષ પુરા થયા બાદ મદદનીશ શિક્ષક તરીકે ઓળખાતા હોવાથી શિક્ષણ સહાયક અને જુના શિક્ષક(મદદનીશ શિક્ષક)ના રોસ્ટર રજીસ્ટર અલગ અલગ રીતે ન નિભાવતા એકજ રોસ્ટર રજીસ્ટર નિભાવવુ.

(૩) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકોના રોસ્ટર રજીસ્ટરો અલગ અલગ નિભાવવા

(૪) શાળાઓમાંથી સરકારશ્રીની વખતો વખતની નીતિ મુજબ જયારે શિક્ષક ફાજલ થાય ત્યારે ફાજલ શિક્ષકની નિમણૂંક તેની માતૃશાળામાં જે રોસ્ટર પોઇન્ટ ઉપર નિમણૂંક થયેલ હોય તે રોસ્ટર પોઇન્ટ જયાં સુધી તે ફાજલ શિક્ષક નિવૃત ન થાય ત્યાં સુધી તેની માતૃશાળામાં ગણવાના રહેશે.

(૫) ફાજલ શિક્ષકને પ્રતિનિયુકિતના ધોરણે ગણવાના રહેશે. અને તેઓને માતૃસંસ્થામાંથી નિવૃત કરવાના રહેશે. અને આ બાબતે કમિશનર, શાળાએ જરુરી સુચનાઓ બહાર પાડવાની રહેશે. કે જેથી રોસ્ટર રજીસ્ટર નિભાવવામાં કોઇ પ્રશ્ન ઉપસ્થિત ન થાય.

(૬) સામાન્ય વહીવટ વિભાગના તા.૫-૯-૨૦૦૦ના ઠરાવ અન્વયે જિલ્લાવાર રોસ્ટર પોઇન્ટ ગણવાના રહેશે. અને સીધી ભરતી માટે પરિશિષ્ટ-૪ મુજબ !એલ! આકારના પત્રકના નમુના મુજબ જે વર્ગની અનામતની ટકાવારી સૌથી ઓછી હોય તેમાં તે વર્ગનો ક્રમ આવે ત્યાં સુધી એલ-આકારના રોસ્ટર મુજબ ક્રમ આગળ ખેંચવાના રહેશે.

ઉપરોક્ત મુજબની સુચનાઓ ધ્યાને લઇ દરેક શાળાઓના રોસ્ટર રજીસ્ટરો તૈયાર કરવાના રહેશે. વિશેષમાં રોસ્ટર રજીસ્ટરના નિરીક્ષણ માટે ખાસ નિરીક્ષણ ઝૂંબેશનુ આયોજન કરવાનુ હોવાથી કઇ તારીખો દરમ્યાન કયા કયા સ્થળે આ કાર્યક્રમ આયોજન કરવાનુ છે. તે અંગે તાત્કાલિક વિભાગના પરામર્શમાં ચર્ચા કરી આ બાબતને અગ્રતાના ધોરણે પૂર્ણ કરવા આજ્ઞાનુસાર વિનંતી છે.

આ સુચનાઓ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના પરામર્શમાં રહીને આપવામાં આવેલ છે.

આપનો વિશ્વાસુ,
(જે.એલ.પટેલ)
સંયુક્ત સચિવ,
શિક્ષણ વિભાગ.

ક્રમાંક/માધ્યમિક/અનદ-૧/ભરતીસેલ/ફાજલ/૨૦૧૨/૭૯૭૨-૭૯૯૮

કમિશનર શાળાઓની કચેરી,
બ્લોકનં. ૯/૧,ડૉ. જીવરાજ મહેતા ભવન
ગુ.રા. ,ગાંધીનગર
તા.૨ / ૫/૨૦૧૨

નકલ રવાના જાણ તથા અમલવારી સારૂઃ-
પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ

(ઇ. પી. દેસાઇ)
સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક